# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી આજે વિકાસ સપ્તાહની ઉજવણીના સમાપન પ્રસંગે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.**
2. **રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત રાજ્યભરમાં કૃષિકારોને સરકારી યોજનાઓ અને ખેતી વિષયક માહિતી પ્રદાન કરાઇ રહી છે.**
3. **અમદાવાદમાં આજે નેશનલ અર્બન કોન્કલેવમાં દેશ -વિદેશના શહેરોના મેયર્સ ઉપસ્થિત રહેશે.**
4. **કલોલ સ્થિત ખાખરા અને ફરસાણ બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગને કારણે લાખોનું નુકસાન.**
5. **દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની શક્યતા વચ્ચે 16થી 19 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી.**
6. **રાજ્યના રાહુલ જાખરે ઓડિશાના પુરીમાં 40મી જુનિયર એથ્લેટિક્સ સ્પર્ધામાં 1 સુવર્ણ અને 1 કાસ્ય ચંદ્રક જીત્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VIKAS SPTAH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના સમાપન પ્રસંગે બે હજાર 288 કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે , ગઇકાલે પંચમહાલના ગોધરા ખાતે આદિજાતિ મંત્રી ડૉ.કુબેર ડીંડોરની અધ્યક્ષતામાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું હતું.

બીજી તરફ પોરબંદરના ઓળદર ગામે 96 લાખથી વધુના 38 કામોનું ખાતમુહૂર્ત અને 35 લાખથી વધુના 18 કામોનું લોકાર્પણ કરાયુ હતું.

---

# RAVI KRUSHI MAHOTSV

રાજયભરમાં રવિ કૃષિ મહોત્સવની ઉજવણીનો ગઇકાલથી પ્રારંભ થયો છે. જે અંતર્ગત પાટણ ખાતે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરાઇ.

આ પ્રસંગે શ્રી રાજપૂતે 16 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાર્તમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન પણ યોજાયું હતું.

પ્રભારીમંત્રી કુંવરજી હળપતિના અધ્યક્ષસ્થાને ભ રૂચના ઝાડેશ્વર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ યોજનાના 11 લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી.

રાજકોટના જસદણમાં સાંસદ પુરુષોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં યોજાયેલા રવિ કૃષિ મહોત્સવમાં 9 લાખ 84 હજારની રકમના ખેત સાધનોની ખરીદી માટે પેમેન્ટ ઓર્ડર તથા પાંચ લાભાર્થીઓને સહાયના મંજૂરી હુકમ અપાયા હતા.

અમદાવાદ વિરમગામ ખાતે આયોજિત રવિ કૃષિ મહોત્સવમાં અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી દ્વારા ખેડૂતો તથા વિવિધ સ્ટોલધારકોને માહિતી ખાતાના સાહિત્યનું વિતરણ કરાયું.

દસ્ક્રોઈના જેતલપુરમાં ખેડૂતોને યોજનાકીય સહાય વિતરણ અને સ્વચ્છતા માટે ઈ-રીક્ષાનું વિતરણ કરાયું હતું. તો માંડલ ખાતે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી અંતર્ગત ખેડૂતોને આધુનિક કૃષિ ટેકનોલોજી અને સહાય યોજનાઓનું માર્ગદર્શન અપાયું હતું.

---

## PORBANDAR KRUSHI MAHOTSAV

રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ પોરબંદરમાં રવિ કૃષિ મહોત્સવના આયોજન પ્રસંગે ઉપસ્થિત રહેલા ખેડૂતોને સંબોધતાં જણાવ્યું કે , આ કૃષિ મહોત્સવનો મુખ્ય હેતુ ખેડૂતોને ખેતીના આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવાનો છે, જેથી ખેતી વધુ સમૃદ્ધ અને આવકવર્ધક બની શકે.

તેમણે જણાવ્યું કે , એક સમય એવો હતો જ્યારે આપણો દેશ તેલ , ઘઉં સહિતની ખેત પેદાશો માટે આયાત પર આધાર રાખતો હતો , જ્યારે આજે આપણાં દેશના ખેડૂતોના અવિરત પરિશ્રમ અને નવી ટેકનોલોજીના સ્વીકારના કારણે દેશ નિકાસકાર તરીકે ઉભર્યો છે.

## (બાઈટ – કુંવરજી બાવળીયા, કેબિનેટ મંત્રી)

---

## TAPI RAVI KRUSHI MAHOTSAV MUKESH PATEL

ખેતીને લગતી તમામ સરકારી યોજનાકીય કે ખેતીલક્ષી માહિતી ખેડૂતોને મળી રહે તે દિશામાં સરકાર સમયાંતરે કામગીરી કરતી આવી છે , જેના ભાગરૂપે તાપી જિલ્લાના તમામ તાલુકાઓમાં રવિ કૃષિ મહોત્સવનો આરંભ થયો છે.

વ્યારા ખાતે મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો, આ કૃષિ મહોત્સવ દરમ્યાન આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે નિષ્ણાતો અને અગ્રેસર ખેડૂતો દ્વારા માર્ગદર્શન અપાઈ રહ્યું હોવાનું મંત્રી મૂકેશ પટેલે જણાવ્યું હતું.

## (બાઈટ – મુકેશ પટેલ,મંત્રી)

---

## MORBRI VIJ JODAN

વિકાસ સપ્તાહ અંતર્ગત મોરબીમાં વિવિધ કાર્યકમ યોજાઇ રહ્યાં છે જેના ભાગરૂપે મોરબીના 50 જેટલા વિવિધ વાડી વિસ્તારોમાં રહેતા પરિવારોનો વીજ કનેક્શનનો વર્ષો જૂનો પ્રશ્ન હલ કરાયો હતો.

ખેતીવાડીની જમીનમાં આવેલા મકાનોમાં 7/12 અને 8-અના ઉતારામાં એકસાથે અનેક નામ હોવાથી વ્યક્તિગત વીજ કનેક્શન મેળવવામાં અથવા અન્ય સહભાગીઓની મંજૂરી મેળવવામાં મુશ્કેલીઓ પડતી હતી.

તેમ છતાં P.G.V.C.L.એ વિશેષ કેમ્પ ગોઠવી એક જ દિવસમાં 200 જેટલા વીજ કનેકશનો આપ્યા હોવાનું P.G.V.C.L.ના સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના અધિકારી કેતન જોષીએ જણાવ્યું હતું.

**(બાઈટ કેતન જોશી, P.G.V.C.L. એમડી, સૌરાષ્ટ્ર-કચ્છ)**

---

## NATIONAL URBAN CONCLAVE

અમદાવાદ શહેરમાં આજથી બે દિવસિય 'નેશનલ અર્બન કોન્ક્લેવ ' તેમજ 'મેયોરલ સમિટ ' યોજાશે . આ કોન્ક્લેવ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે યોજાઈ રહી છે.

આ સમિટ દરમિયાન ભારતીય અને આંતરરાષ્ટ્રીય શહેર મેયર્સ , કમિશનર તેમજ પ્રતિનિધિઓ એકસાથે મળી શહેરોની ભવિષ્યની યોજના પર વિચાર -વિમર્શ કરશે.

આ કોન્કલેવનું ઉદ્ઘાટન મુખ્યમંત્રીના હસ્તે આજે સવારે દસ વાગે થશે.

---

## AHD SENA DHWAJ DIWAS

અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ 2025ની ઉજવણી કલેકટરના અધ્યક્ષ સ્થાને કરાઈ હતી.

સૈનિકોના કલ્યાણ અર્થે સરકારી અધિકારીઓ, સૈનિકો અને સરકારી શાળાના શિક્ષકોના સહયોગથી એક રાષ્ટ્રવ્યાપી યોગદાન અભિયાન સફળતાપૂર્વક સંપન્ન

થયું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય રકમની માત્રા કરતાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.

જિલ્લા કલેકટરે જણાવ્યું કે, 74 લાખ વિદ્યાર્થીઓ દ્વારા આપેલા એક-એક રૂપિયાનું યોગદાન, એક વ્યક્તિના મોટા દાન કરતાં વધુ મહત્વનું છે, કારણ કે તે દેશના લાખો નાગરિકોને એકસાથે જોડે છે અને વર્ષ 1949થી ચાલતી આ પરંપરાગત ભાવનાને જીવંત રાખે છે.

---

## GANDHINAGAR- FIRE

ગાંધીનગરના કલોલમાં સાંતેજ GIDC વિસ્તારમાં સોનલબેન ખાખરાવાળાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. ફાયર બ્રિગેડની 7 ગાડીઓ દ્વારા ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ કરાયો હતો. ઘટનાને પગલે માલસમાનને ભારે નુકસાન થયાના પ્રાથમિક અહેવાલ મળી રહ્યા છે.

---

## WEATHER FORECAST

હવામાન ખાતાએ 16થી 19 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી વ્યક્ત કરી છે. દરમિયાન દક્ષિણ ગુજરાતમાં પણ હળવા વરસાદની શક્યતા છે.

બીજી તરફ, આગામી સાત દિવસ રાજ્યમાં તાપમાન યથાવત્ રહેશે. જોકે , આગામી બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(બાઈટ – ડૉ.એ.કે.દાસ, ડાયરેક્ટર, IMD અમદાવાદ)**

---

# SCIENCE QUIZ

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીએ પ્રશ્નોતરીનો કાર્યક્રમ યોજ્યો હતો.

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે TCS રૂરલ IT ક્વિઝના રાજ્ય-સ્તરીય કાર્યક્રમમાં રાજ્યભરના 500 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રાજ્યમાંથી એક હજાર 143 શાળાઓએ ભાગ લીધો હતો, જેમાં જિલ્લા સ્તરની સ્પર્ધામાં 12 હજાર 625થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં છ વિદ્યાર્થીઓ ફાઇનલ માટે ક્વોલિફાઈ થયા હતા. આ ક્વિઝમાં વિજેતાઓને પુરસ્કાર એનાયત કરાયાં હતા.

---

# BHAVNAGAR ST EXTRA BUS

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTCના ભાવનગર વિભાગ દ્વારા દિવાળીએ 120 વધારાની બસ દોડાવાશે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, આ 17 તારીખે 70 અને 18 તારીખે 50 બસ ભાવનગરથી સુરત સુધી દોડાવાશે. મુસાફરો માટે વિભાગના આઠ ડેપો દ્વારા બે દિવસ દરમિયાન વધારાની કુલ 120 બસનું સંચાલન કરાશે.

મુસાફરોને આવતા જતા બંને તરફ ST બસનો લાભ મળે તે માટે પ્રથમ દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, વડોદરા, અમદાવાદ થઈ સુરત માટે બસનું સંચાલન કરાશે. આ માટે હાલ ઑનલાઈન બુકિંગ કરવામાં આવી રહ્યું છે.

---

## RAHUL JAKHAR- JU.NATIONAL ATHLETICS GOLD

રાજ્યના રાહુલ જાખરે ઓડિશાના પુરીમાં 40મી જુનિયર એથ્લેટિક્સ સ્પર્ધામાં 1 સુવર્ણ અને 1 કાસ્ય ચંદ્રક જીત્યો છે.

તેમણે અંડર 18 હેપ્ટથ્લોનમાં સુવર્ણ જીતી રાષ્ટ્રીય વિક્રમ સર્જ્યો છે. આ ઉપરાંત અન્ય એક ઇવેંટમાં રાહુલે કાંસ્ય ચંદ્રક જીત્યો છે .

---

## FOOTBALL INTER DISTRICT

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિયેશન દ્વારા રાજકોટ ખાતે આયોજિત રિલાયન્સ કપ સિનિયર મેન્સ આંતર જિલ્લા ફૂટબોલ સ્પર્ધા- 2025ના લીગ સ્ટેજના ક્વોલિફાઈ રાઉન્ડમાં આજે કચ્છ અને સુરત વચ્ચે, ખેડા અને દાહોદ તથા તાપી અને પાટણ વચ્ચે મેચ રમાશે.

દરમ્યાન ગઇકાલે રમાયેલ મેચમાં કચ્છની ટીમે નવસારીને 2-0 થી હરાવ્યું તો ભાવનગર અને ખેડા વચ્ચેની મેચ ડ્રૉ થઇ હતી. બીજી તરફ તાપીની ટીમે બોટાદની ટીમને 16-0 થી મહાત આપી હતી.

અત્યાર સુધી રમાયેલ મેચમાં દેવભૂમિ દ્વારિકાની ટીમ સુપર લીગના રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ છે. બાકીની ટીમો આવતીકાલની મેચ પછી નક્કી થશે.

---